જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૧૦/૨૦૨૧ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૭૬/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૯૯ | ૭ | ૧૧૭૦૬ | ૧૭૮૧૦ | ૭ | ૧૭૮૧૭ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૧૬ | ૦ | ૧૧૬ | ૩૯૩ | ૦ | ૩૯૩ |
| ૪ | **Disaster Management Act 2005** હેઠળના ગુન્હાઓ | ૭૨૪૩૭ | ૫૨ | ૭૨૪૮૯ | ૭૩૪૬૬ | ૫૫ | ૭૩૫૨૧ |
| કુલ | | ૮૮૯૮૫ | ૫૯ | ૮૯૦૪૪ | ૯૭૯૫૧ | ૬૨ | ૯૮૦૧૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૭ | ૪,૦૯,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૦૭ | ૬,૦૭,૦૦૦/- |

# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

## નવરાત્રીના તહેવાર દરમ્યાન દેશી દારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઘાટલોડીયા પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરનાઓના હુકમથી તથા શ્રી આર.બી. અસારી સાહેબ સયુંકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો.રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નર સા. શ્રી ઝોન-૧ નાઓની સુચનાથી તથા શ્રી એ.એમ. પટેલ ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર.શ્રી "ક" વિભાગ સાહેબના માર્ગદર્શન હેઠળ તેમજ સિનિયર પોલીસ ઇન્સ્પેકટર વાય.આર.વાઘેલા ઘાટલોડીયા પોલીસ સ્ટેશનનાઓની જરૂરી સુચના તથા માર્ગદર્શનથી ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારૂ પો.સબ.ઇન્સ. પી.આર.ગામીત તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા કલાક-૨૧/૧૫ વાગે ઘાટલોડીયા ગામ ખાતે આવતા અ.હે.કો. જયદીપસિંહ ધીરૂસિંહ બ.નં-૫૫૫૪નાઓને તેના ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે "ચુનારા શૈલેષ નામનો એક ઇસમ પોતાના કબ્જાની સિલ્વર કલરની હુંડાઇ સેન્ટ્રો કાર જેનો આર.ટી.ઓ. નંબર-GJ-01-HL-4355 નો છે તે ગાડીમાં કેટલોક દેશી દારૂ જથ્થો ભરી ઘાટલોડીયા ગામ રામાપીરના મંદીરની સામે આવેલ ખુલ્લી જગ્યામાં દેશી દારૂનુ વેચાણ કરવા સારૂ ઉભેલ છે" જે બાતમી હકીકતવાળી જગ્યા ઘાટલોડીયા ગામ રામાપીરના મંદીરની સામે પંચો રૂબરૂ રેઇડ દરમ્યાન એક ફોરવ્હીલ ગાડી હુંડાઇ સેન્ટ્રો કાર નંબર-GJ-01-HL-4355 માંથી કુલ ૧૮ પ્લાસ્ટીકના કોથળાઓમાં કુલ્લે ૫૮૫ લીટર જેટલો ગેરકાયદેસરનો દેશી દારૂ જેની કીમત રૂપીયા ૧૧,૭૦૦/- ની મત્તાનો તથા ૭૫૦ મીલી સેમ્પલ બોટલની કીમત રૂપીયા-૦૦/૦૦ ગણી શકાય તે તથા ફોર વ્હીલ ગાડીની કી.રૂ-૮૦,૦૦૦/- ની ગણી શકાય તે તમામની કુલ્લે કીમત રૂપીયા-૯૧,૭૦૦/- ની મત્તાનો મુદ્દામાલ રાખી જતા રહેલ સદરી ગાડીના માલીક નામે ચુનારા શૈલેષ વિષ્ણુભાઇ રહે-૯/૯૭/ભાગ્ય લક્ષ્મી એપાર્ટમેન્ટ શ્રીનાથ એપાર્ટમેન્ટની પાસે નવા વાડજ અમદાવાદ શહેરનાઓ વિરૂધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરી ઘાટલોડીયા પોલીસ સ્ટેશન સી-પાર્ટ ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૪૨૧૧૧૬/૨૦૨૧ ધી પ્રોહી કલમ-૬૫(ઇ) ૯૮(૨) મુજબથી ગુનો દાખલ કરી ગણનાપાત્ર કેસ શોધી કાઢી ઘાટલોડીયા પોલીસ સ્ટેશન દ્વારા પ્રસંસનીય કામગીરી કરવામાં આવેલ છે. તા.-૧૫/૧૦/૨૦૨૧

**કબ્જે કરેલ મુદામાલ:-**

(૧) ૫૮૫ લીટર દેશી દારૂની કીમત રૂપીયા-૧૧,૭૦૦/- ગણી શકાય તે તથા

(૨) એક કાચની સેમ્પલ બોટલ ૭૫૦ મી.લી. દેશી દારૂ ભરેલ શીલબંધ કીમત રૂપીયા-૦૦/૦૦

(૩)સિલ્વર કલરની હુંડાઇ સેન્ટ્રો કાર જેનો આર.ટી.ઓ. નંબર-GJ-01-HL-4355 તથા ચેસીસ નં-MALAB51HR6M912699G નો વંચાય છે તથા એન્જીન નં-G4HG6M887820 નો વંચાય છે જેની કીમત રૂપીયા-૮૦,૦૦૦/- ની ગણી શકાય તે એમ કુલ્લે કીમત રૂપીયા-૯૧,૭૦૦/-નો મુદામાલ.

**સારી કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:-** પો.સબ.ઇન્સ પી આર ગામીત તથા અનામ હેડ કોન્સ. જયદીપસિંહ ધીરૂસિંહ બ.નં-૫૫૫૪ તથા અ.પો.કો. ભરતભાઇ હરજીભાઇ બ.નં-૫૪૪૭ નોકરી-ઘાટલોડીયા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૯/૨૦૨૧**

**નરોડાઃ** લલીતાબહેન પ્રભાકરભાઇ વાનખેડે (ઉ.વ.૩૦) (રહે. સ્વામિનારાયણ પાર્ક હરીદર્શન ચાર રસ્તા નવા નરોડા) એ તા.૧૪/૧૦/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૨૦૨૦ થી તા.૨૪/૧૦/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૯૬૭૭૯૦૫૨૭ અને ૮૦૯૨૮૯૩૩૫૩ ના ધારકોએ લલીતાબહેનને ફોન કરી આદીત્ય બીરલા ફાયનાન્સ ગ્રુપની ઓળખ આપી લોન આપવાનુ કહી વિશ્વાસમાં લઇ લોન પાસ કરવા અલગ-અલગ પ્રોસેસ પેટે રૂપિયા ૨૩,૯૪૮/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.ખાંભલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૦/૨૦૨૧**

**વટવા જીઆઇડીસીઃ** નિમેશભાઇ સ/ઓ મનુભાઇ શાહ (રહે. ઋતુરાજ ફ્લેટ પી.ટી.કોલેજ સામે પાલડી) એ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૧ સાંજના ૭/૦૦ થી તા.૧૪/૧૦/૨૦૨૧ કલાક ૭/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વટવા જીઆઇડીસી ફેસ-૧ બોમ્બે કંડક્ટર રોડ પ્લોટ નંબર-૧૭૫/૨, લલ્લુભાઇ અમીચંદ લી.કંપનીની ચેમ્બરની બારી તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૧૫,૨૦,૩૭૮/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૧/૨૦૨૧**

**ઓઢવઃ** ભાવિક ભરતભાઈ પટેલ (ઉ.વ.૩૩) (રહે.ગાયત્રીપાર્ક સોસાયટી પંચવટી સામે વિરાટનગર રોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૦/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશભાઈ લાભુભાઈ ચલાવે છે.

**રામોલઃ** મિતલ ડો/ઓ ગણપતભાઈ પરમાર (ઉ.વ.૧૭) (રહે. નર્મદા એપાર્ટમેન્ટ રીલાયન્સ પેટ્રોલપંપ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૦/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.